**રે.દિ. મુ. નં. ૬૦/૨૦૨૧**

**<u>–આંક–૫ (વચગાળાની મનાઇ અરજી) લગત હુકમ–</u>**

**૧.** સદર કામના વાદીએ મુળ દાવા અરજી સાથે સદર અરજી સી.પી.સી. ના ઓર્ડર ૩૯ મુજબ વચગાળાનો મનાઇહુકમ મેળવવા માટે કરેલ છે. સદર અરજીમાં વાદીએ દાદ માંગેલ છે કે, સદર દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી, પ્રતિવાદી જાતે કે કોઇ બીજા મારફતે દાવાવાળી મિલકત ઉપર વાદીના કબ્જા ભોગવટામાં હસ્તક્ષેપ કરી અડચણ, અવરોધ ઉભો કરે–કરાવે નહી.

મુળ દાવા અરજી તેમજ સદર અરજી દાખલ થતા પ્રતિવાદીને નોટીસ કાઢવામાં આવેલ. જે તેઓને બજી જતા તેઓ તેમના વકીલ સાથે નામદાર કોર્ટમાં હાજર થયેલ. તેઓએ આંક–૧૭ થી પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે.

**૨.** હવે જો વાદીના દાવાની હકિકત જોવામાં આવે તો તે પ્રકારની છે કે, દાવાવાળી મિલકત મોજે સમની ગામે આવેલ ખાતા નં. ૮૮૯ વાળી ખેતીવાડી જમીન હોય. જેના મુળ માલિક વાદીના પિતા સ્વ. ગોરધનભાઇ ગોપાળભાઇ પટેલ હતા. જેઓનું અવસાન તા. ૦૯/૦૮/૧૯૭૧ ના રોજ થવાથી મિલકતના રેવન્યુ રેકર્ડમાં વાદીના સ્વ. માતા રેવાબેન ગોરધનભાઇ, વાદી અને વાદીના અન્ય ભાઇઓ ના નામ નોંધ નં. ૨૬૦૫ થી દાખલ થયેલ. ત્યારબાદ વાદીના બહેન કપીલાબેન ગોરધનભાઇ નાઓએ પોતાનો હક્ક કમી કરતા તેની નોંધ નોંધ નં. ૨૬૦૬ થી પડેલ. ત્યારબાદ વાદી અને તેઓના અન્ય ભાઇઓ વચ્ચે વડીલો પાર્જીત મિલકતોની વહેંચણી થતા દાવાવાળી મિલકત વાદીના હિસ્સે આવતા તા. ૦૮/૧૨/૨૦૧૫ ના રોજ બાકીના તમામે હક્ક ઉઠાવી લીધેલ. જેની નોંધ નં. ૪૬૬૦ પડેલ. ત્યારથી વાદી દાવાવાળી મિલકત ના સ્વતંત્ર માલિક અને કબ્જેદાર બનેલ અને ખેત ઉપજ મેળવતા આવેલ છે.

દાવાવાળી મિલકતની ઉત્તર દિશાએ પ્રતિવાદીની મિલકત રેવન્યુ સર્વે નં. ૪૮૪ આવેલ છે. પ્રતિવાદી વારંવાર વાદીની મિલકતમાં ગેરકાયદેસર કબ્જો કરવા ખોટી રીતે મિલકતમાં પ્રવેશ કરે છે અને વાદીના કબ્જા ભોગવટામાં ખલેલ પેદા કરે છે. વધુમાં પ્રતિવાદીએ દબાણ કરેલ હોય તેવી શંકા વાદીને થતા વાદીએ તા. ૧૯/૦૫/૨૦૨૧ ના રોજ જમીન માપણી દફતરની કચેરી (ડી.આઇ.એલ.આર.) પાસે કરાવવા અરજી કરેલ. જે અન્વયે સર્વેયર માપણી કરવા આવતા પ્રતિવાદીએ વાદી સાથે ઝઘડો કરી ધાક–ધમકી આપેલ. જેથી વાદીએ સદર દાવો જાહેરાત અને મનાઇ હુકમ ની દાદ સાથે દાખલ કરેલ.

**૩.** વાદીએ પોતાના દાવા અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

૧. માર્ક ૩/૧ થી ૩/૫ અને ૩/૯ દાવાવાળી મિલક્તના ગામ નમુના નં. ૭ અને ૬ ની નકલ.

૨. માર્ક ૩/૭ વેરા પાવતી ની નકલ.

૩. માર્ક ૩/૮ દાવાવાળી મિલકતના નકશાની ઝેરોક્ષ.

**૪.** વળી પ્રતિવાદી આંક–૧૭ વાળા જવાબમાં ટુંકમાં જણાવે છે કે, વાદીનો દાવો અને મનાઇ અરજી તદ્દન ખોટા હોય. વધુમાં જણાવેલ કે, વાદીની જમીન તેઓની જમીનની બાજુમાં નકશામાં બતાવી હોય નકશો જોઇને તેમની જમીન શોધવા નિકળેલ હોય પરંતુ હકિકતમાં વાદીની જમીન તે જગ્યાએ હોય જ નહી. વધુમાં સર્વેયર દ્વારા ક્યારેય પણ જમીન માપણી થયેલ હોય તેવુ બનેલ નહી. તેઓએ વાદીની જમીન પર કોઇ દબાણ કરેલ નથી કે વાદીના કબ્જા ભોગવટામાં કોઇ હસ્તક્ષેપ કરેલ નથી. વાદીએ સદર દાવામાં તદ્દન ખોટી હકિકત જણાવેલ છે.

વધુમાં પ્રતિવાદી તર્ફે આંક–૩૧ થી ૩૩ ના રૂએ સાહેદ મહેશભાઇ ઠાકોરભાઇ, સ્નેહલ કુમાર રવિન્દ્રભાઇ અને ભરતભાઇ

ભાઈલાલભાઈના સોગંદનામાઓ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં તેમાં જણાવેલ છે કે, વાદીની જમીન પ્રતિવાદીની જમીનને અડીને આવેલ નથી અને રી–સર્વેમાં થયેલ ભુલો ના આધારે વાદી તેમની જમીન શોધવા નિકળેલ હોય અને જણાવેલ જગ્યાએ સ્થળ ઉપર વાદી ખેડતા હોય કે પાક લેતા હોય તેવુ બનેલ નથી.

**૫.** ત્યારબાદ વાદી તર્ફે આંક–૨૬ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ દાવામાં જણાવેલ હકિકતોનું પુનરાવર્તન કરેલ હોય ત્યારબાદ વધુમાં જણાવેલ કે, તેઓને તરફેણમાં પ્રાથમિક દર્શનીય દાવો હોય, ન્યાયની સમતુલા વાદીના લાભમાં હોય જો સદર અરજી નામંજુર કરવામાં આવે તો તેઓને ખુબ જ નુકસાન જાય તેમ હોય.

વળી, તેની સામે પ્રતિવાદીના વિધ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ કે, વાદીની મિલકત ખરેખર રીતે દાવામાં જણાવેલ જગ્યાએ આવેલ જ ન હોય અને તેનું ભૌગોલિક સ્થાન ખોટી રીતે નકશામાં બતાવવામાં આવતુ હોય જેનો લાભ વાદી ઉઠાવવા માંગતા હોય. પ્રતિવાદીએ કોઇ પણ રીતે વાદીની મિલકતમાં દબાણ કરેલ નથી. વાદીની તરફેણમાં પ્રાથમિક દર્શનીય દાવો ન હોય જેથી સદર અરજી નામંજુર થવા પાત્ર છે.

**૬.** હવે જો સી.પી.સી. ના ઓ. ૩૯ સાથે કલમ–૯(સી) વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર કોર્ટને વચગાળાનો મનાઇ હુકમ કરવાની સત્તા છે. સમગ્ર રેકર્ડ વંચાણે લેતા તેમજ વકિલશ્રીઓની દલીલ સાંભળી સદર અરજીનો નિર્ણય લેવા માટે નામદાર કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીની તરફેણમાં પ્રાયમાફેસી કેસ છે ?

૨. શું બેલેન્સ ઑફ કન્વીયન્સ વાદીની તરફેણમાં છે ?

૩. શું જો આ અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણામાં ન માપી શકાય તેવુ નુકશાન જશે ?

૪. શું હુકમ ?

**૭.** ઉપરોક્ત મુદ્દાના જવાબો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

**<u>//કારણો//</u>**

**<u>મુદ્દા નં. ૧ઃ-</u>**

૮. નામ. સુપ્રિમ કોર્ટે પોતાના ચુકાદા **ગુજરાત બોટલીંગ કંપની લી. વિ. કોકાકોલા કંપની, એ.આઇ.આર. ૧૯૯૫ એસ.સી.૨૩૭૨** માં વચગાળાની મનાઇઅરજી નિર્ણય કરવા માટેની ગાઇડલાઇ જણાવેલ છે, તેમાં જણાવેલ છે કે, વચગાળાની મનાઇઅરજી મંજુર કરવી તે નામ. કોર્ટના ડીસ્ક્રીપ્શન પાવર છે. સદર ડીસ્ક્રીપ્શન પાવર ઉપયોગ કરતી વખતે નામ. કોર્ટે નીચેના ત્રણ ટેસ્ટ એપ્લાય કરવા જોઇએ.

૧. શું વાદીની તરફેણમાં પ્રાઇમાફેસી કેસ છે ?

૨. શું વાદીની તરફેણમાં બેલેન્સ ઑફ કન્વીયન્સ છે ?

૩. શું જો અરજી નામંજુર કરવામાં આવે તો વાદીને ઇરરીપેરેબલ ઇન્જરી થશે ?

૯. ઉપરોક્ત ચુકાદાના સિધ્ધાંતો જો આ કેસમાં એપ્લાય કરવામાં આવે તો, વાદીના કહેવા મુજબ પ્રતિવાદીની મિલકત વાદીની મિલકતની ઉત્તર દિશાએ આવેલ છે અને વાદીની મિલકતમાં પ્રતિવાદીએ દબાણ કરેલ હોય. વધુમાં વાદીએ એમ પણ જણાવેલ કે, તેઓએ દાવાવાળી મિલકતની હદ માપણી કરવા માટે તા. ૧૯/૦૫/૨૦૨૧ ના રોજ જમીન માપણી કચેરી (ડી.આઇ.એલ.આર.) માં એક અરજી કરેલ.

**૧૦.** વળી, વાદી દ્વારા સદર કામે એવો કોઇ પુરાવો કે મટીરીયલ રજુ કરવામાં આવેલ નથી કે જે પરથી પ્રાથમિક દર્શનીય રીતે જણાય આવે કે, પ્રતિવાદીએ દાવાવાળી મિલકત પર દબાણ કરેલ હોય. વધુમાં વાદીના કહેવા મુજબનું દબાણ પ્રતિવાદીએ ક્યારે કરેલ તે વિશે કોઇ સ્પષ્ટ પ્લીડીંગ કરવામાં આવેલ નથી. ત્યારબાદ વાદી દાવા અરજીમાં જણાવે છે કે, તેઓએ ડી.આઇ.એલ.આર. દ્વારા મિલકતની હદ માપણી કરાવેલ પરંતુ તે બાબતનો કોઇ રીપોર્ટ કે નકશો રજુ કરેલ નથી.

**૧૧.** આમ, હાલના તબક્કે વાદીની દાવા અરજીમાં જણાવેલ હકિકતો માની લેવા માટે કોઇ પ્રાથમિક દર્શનીય પુરાવો કે મટીરીયલ રેકર્ડ પર જણાય આવતુ ન હોય, જેથી વાદીની તરફેણમાં પ્રાથમિક દર્શનીય દાવો હોય તેવુ નામદાર કોર્ટને જણાય આવતું નથી. જેથી **મુદ્દા નં. ૦૧** પરત્વેનો જવાબ હું **નકારમાં** આપુ છું.

**<u>મુદ્દા નં. ૦૨ અને ૦૩:–</u>**

**૧૨.** વળી, **નામદાર સુપ્રિમ કોર્ટે કાશી મઠ સમથાન વિ. શ્રીમદ સુધીન્દ્રા તીર્થા સ્વામી, એ.આઇ.આર. ૨૦૧૦, સુપ્રિમ કોર્ટ, ૨૯૬** માં પ્રસ્થાપિત કરેલ છે કે જો કોઇ પક્ષકાર વચગાળાનો મનાઇહુકમ મેળવવા માંગે તો તેમણે નામદાર કોર્ટ સમક્ષ સૌપ્રથમ પ્રાઇમાકેસી કેસ પુરવાર કરવો પડે. અને જો પક્ષકારો એ સાબિત કરવામાં નિષ્ફળ જાય તો બેલેન્સ ઑફ કન્વીયન્સ કે ઇરરીપેરેબલ લોસ લેશમાત્ર મટીરીયલ રહેશે નહી એટલે કે ભલે પક્ષકારની તરફેણમાં બેલેન્સ ઑફ કન્વીયન્સ કે ઇરરીપેરેબલ ના મુદ્દા હોય પરંતુ જો પ્રાઇમાફેસી કેસ ન હોય તેવા પક્ષકારની તરફેણમાં મનાઇહુકમ આપી શકાય નહી.

**૧૩.** આમ, ઉપરોક્ત ચુકાદા મુજબ સદર કેસમાં વાદીની તરફેણમાં પ્રાઈમાફેસી કેસ ન હોય. જેથી **મુદ્દા નં. ૦૨ અને ૦૩** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે. આથી ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ તેમજ દાવાની હકિકતો અને સંજોગો ધ્યાને લઈ નામ. કોર્ટને **મુદ્દા નં. ૦૪** પરત્વે આખરી હુકમ મુજબનો હુકમ કરવો ન્યાયોચિત જણાય આવે છે.

## //આખરી હુકમ//

**૧.** વાદીની સદર અરજી નામંજુર કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ ૧૮ મી, માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૪/૨૦૨૬
સ્થળઃ આમોદ

(રવિકુમાર આર. પરમાર)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
આમોદ.
કોડ નં. જી.જે. ૦૧૬૦૩